### રાજકીય આકાઓ મનોજ અને ગજુની વ્હારે, ફરીથી ગેંગવોરના એંધાણ

# IPL સટ્ટાના કુખ્યાત મુન્ના પર ઈડી ગમે ત્યારે ત્રાટકે તેવા એંધાણ

**ઉચ્ચ** અધિકારીની મરજી વિરુદ્ધ મનોજ અને ગજુ જેવા સટ્ટાખોરોને ક્રિકેટ સટ્ટાની પરમિશન અપાઇ

સુરત : એક તરફ ગમે ત્યારે હજારો કરોડો રૂપિયાના હવાલાઓ કરનાર કુખ્યાત સટ્ટાખોર મુન્ના પર ઈડી ત્રાટકે તેવી સંભાવના છે, બીજી તરફ 'સુરતના રાજકીય આકાઓને અમે કરોડો રૂપિયા આપ્યા છે હવે શહેરમાં અમે જે ધારીશું તેજ કરીશું' કહીને મનોજ અને ગજુ હાલમાં ગોવામાં લવારા કરી રહ્યા છે. સુરતમા બ્રાન્ચના ઉચ્ચ અધિકારી જે પ્રામાણિક છે તેઓએ મનોજ અને ગજુને પરમિશન નહી આપવા માટે આદેશ આપ્યો હતો પરંતુ રાજકીય આકાઓને મનાવીને શહેરમા પરમિશન લઇ લીધી છે. દરમિયાન મનોજ અને ગજુ આમ તો ગુનાખોરીની માનસિકતા ધરાવતા હોવાની વાત છે. આ બે લોકોએ મહાવીર હોસ્પિટલ પાસે અગાઉ ચાર વર્ષ પહેલા થયેલી હત્યામા શંકાસ્પદ ભૂમિકા ભજવી હતી. તેમાં ક્રિકેટના સટ્ટામાં આ હત્યા નાણાંની લેતી દેતીમાં કરવામાં આવી હતી. ત્યારબાદ આ બે સટ્ટાખોરોને પરમિશન બ્રાન્ચોએ બે વર્ષથી આપવાની બંધ કરી હતી. દરમિયાન આ લોકો આવતાની સાથે જ ફરીથી શહેરમાં ગેંગવોરની દહેશત છે. આ બે સટોડિયાઓની માનસિકતા ભાઇલોગ સ્ટાઇલથી કામ કરવાની છે. દરમિયાન શહેરના ટોચના રાજકીય આગેવાનને ગેરમાર્ગે દોરીને ઉચ્ચ અધિકારીની ઉપરવટ જઇને આ લોકોએ પરમિશન મેળવી છે. પો.કમિ. અનુપમસિંહ ગેહલોત દ્વારા મુન્નાની તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે.

**IPL સટ્ટામાં ગજુ-મનોજ, મહારાજ , કાનો, બન્ટી , સેમ જેવા માફિયાઓ પર કોઇ કાર્યવાહી કેમ નહીં?**

શહેરના પોલીસના ઉચ્ચ અધિકારીઓના માનીતા જમાદારો મનોજ, ગજુ, બન્ટી, સેમ, કાનાના કહેવા પર નૃત્ય કરી રહ્યા છે. એક સમયે આ લોકો પર જયારે વીસથી ચાલીસ કેસ આઇપીએલમાં થતાં હતાં ત્યારે હાલમાં એક પણ કેસ થઇ રહ્યો નથી. તેમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને પણ નીચલી કેડરના કોન્સ્ટેબલો વ્યવહારના નામે કેસ નહી કરવા મનાવી લેતા હોવાની ચર્ચા છે. સરવાળે કોલેજો અને શાળામાં હજારો વિદ્યાર્થીઓ આ સટ્ટાનો ભોગ બની રહ્યા છે. સુરતમાં રોજનો કરોડો રૂપિયાનો સટ્ટો રમાઇ રહ્યો છે.

# ડેસ્ટિની ફેશનના માલિક સાથે ૨.૩૦ લાખની ઠગાઈ

**બેંક** ઓફ બરોડાના મેનેજરની ઓળખાણ આપી સિનિયર સિટિઝન કાર્ડ બનાવવા ખાતું હેક કર્યું

સુરતઃ સુરતના ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતા કાપડ વેપારી સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. બેંક મેનેજર તરીકે ઓળખ આપી અજાણ્યા શખ્સે વેપારીના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ ૨,૩૦,૦૧૦ પડાવી લેતા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ઘટનાની વિગત મુજબ, રવિજ્યોત એપાર્ટમેન્ટમાં રહેતા અને સોનીફળીયા ખાતે 'ડેસ્ટીની ફેશન' નામની દુકાન ધરાવતા કીરીટભાઈ સાકરલાલ ભગવાકર ગત તા. ૦૭/૦૪/૨૦૨૬ના રોજ પોતાની દુકાને હાજર હતા ત્યારે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળી વ્યક્તિએ હિન્દીમાં વાત કરી પોતે બેંક ઓફ બરોડાના મેનેજર હોવાની ઓળખ આપી હતી. ઠગે વિશ્વાસમાં લેતા જણાવ્યું કે તમારું ડેબિટ કાર્ડ તૈયાર થઈ ગયું છે અને સીનિયર સિટીઝન કાર્ડ બનાવવા માટે વિગતો આપવી પડશે. કીરીટભાઈને એક લિંક મોકલી તેમાં વિગતો ભરવા જણાવાયું હતું. વિશ્વાસમાં આવી વેપારીએ લિંક પર આઈ.ડી. અને પાસવર્ડ જનરેટ કરતા જ તેમનો ફોન હેંગ થઈ ગયો હતો અને થોડી જ વારમાં તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી ૧,૯૦,૦૦૦ અને ૪૦,૦૧૦ ઉપડી ગયા હોવાના મેસેજ આવ્યા હતા. છેતરપિંડીનો અહેસાસ થતા તેમણે તુરંત સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ઓનલાઈન એક્નોલેજમેંટ નંબર મેળવ્યો હતો. અંતે, કુલ ૨,૩૦,૦૧૦ ગુમાવનાર વેપારીએ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવતા પી.આઈ. ટી. ગઢવી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ચેક રિટર્ન કેસમાં થયેલી સજા સામે આરોપીની અપીલ ફગાવાઈ

સુરતઃ ચેક રિટર્ન કેસમાં થયેલી સજા સામે આરોપીએ કરેલી અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દઈ ટ્રાયલ કોર્ટની સજાનો હુકમ કાયમ રાખ્યો હતો. અલથાણના સ્નેહા ટેક્સના માલિક ભીમસેન પૂર્ણચંદ્ર ચીનાને ટ્રાયલ કોર્ટ ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા અને ચેકની રકમ રૂ.૧૩,૪૯,૮૨૧ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. જે ચુકાદાની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. સેશન્સ કોર્ટે વળતરમાં વીસ ટકા ભરવાની શરતે અપીલ સ્વીકારી હતી. જે રકમ આરોપી અરજદારે જમા કરાવી ન હતી. આ અપીલની સુનાવણીમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ રાજેશ ડોબરિયાએ દલીલ કરી હતી. સુનાવણી બાદ કોર્ટે આરોપી અરજદારની અપીલ ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો હુકમ માન્ય રાખ્યો હતો.

## અમરોલીમાં આર્થિક સંકડામણમાં યુવકે ઝેર પીધું

સુરતઃ અમરોલીમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ અમરેલી કુંડલાના વતની 25 વર્ષીય ચેતનભાઈ મનસુખભાઈ પરમાર હાલ અમરોલી વિસ્તારમાં આવેલા જલારામનગરમાં રહેતો હતો. જોકે છેલ્લા કેટલાક સમયથી હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી મંદીના કારણે તેમની આવક ઘટી ગઈ હતી. આર્થિક સંકડામણથી કંટાળીને તેએ મંગળવારે સાંજે ઘરમાં ઝેર પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

# ભાજપના ઠગ કિશોર વાઘેલા અને સીમિસ નોચીનાં રિમાન્ડ પર

**પોલીસે** પાંચ દિવસનાં રિમાન્ડની માંગણી કરી હતી

સુરતઃ પ. બંગાળ સરકારમાં સ્કૂલ શુઝ સપ્લાય કરવાના નામે ફૂટવેરના વેપારી પ્રવીણભાઈ ધડુક સાથે રૂ.૬.૯૯ કરોડની ઠગાઈ કેસમાં ભાજપના કિશોર વાઘેલા અને સીમિસ નોચીલને આર્થિક ગુના નિવારણ શાખાએ કોર્ટમાં રજૂ કરી એક દિવસનાં રિમાન્ડ મેળવ્યાં હતાં. શિક્ષણ સમિતિનો માજી સભ્ય કિશોર વાઘેલા સહિત સીમિસ સુબ્રમણ્યમ નોચીલ, સાયન સેન, સુભાષિસ સિંગા, ઈન્દ્રજીત સેનગુપ્તા, સંજીવ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. પોલીસે ગઈકાલે આરોપી કિશોર વાઘેલા અને સીમિસ નોચીલની ધરપકડ કરી હતી. આ બંને આરોપીને પોલીસે કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસનાં રિમાન્ડની માંગણી કરી હતી. રિમાન્ડ અરજીની સુનાવણી બાદ કોર્ટે આરોપીના એક દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યાં હતાં.

**રિમાન્ડ મેળવવા પોલીસે આ મુખ્ય મુદ્દા રજૂ કર્યા હતા**

- છેતરપિંડીથી મેળવેલો ૬.૯૯ કરોડનો મુદ્દામાલ ક્યાં છે તેની તપાસ.
- ખોટા ટેન્ડર, એગ્રીમેન્ટ, ચેક કોણે બનાવ્યા તેની તપાસ.
- અન્ય આરોપીઓની ઓળખ અને સામસામે પૂછપરછ.
- સરકારના નામે છેતરપિંડીની દિશામાં તપાસ.
- મોબાઇલ ડેટા અને ચેટ રિકવરી.
- વેસ્ટ બંગાળના ગોડાઉન અંગે તપાસ અને વેસ્ટ બંગાળના અન્ય આરોપીઓ સુધી પહોંચવું.
- સરકારી અધિકારીઓની સંડોવણી તપાસવી.
- ખોટાં બેંક એકાઉન્ટ અને ચેક બનાવનાર શોધવો.
- ટ્રેઝરી અધિકારીના નામે વાત કરનાર સંજીવ અંગે તપાસ.
- અન્ય લોકો સાથે પણ આવી છેતરપિંડી થઈ છે કે નહીં તેની તપાસ.

# પિતરાઈ ભાઈએ જ એકલી જોતાં નગ્ન થઈ લિંગ પકડવા કહ્યું

**નેશનલ** પ્લેયરની જિમ ટ્રેનર કાકાના દીકરાએ જ છેડતી કરી

**સગીરાને** ચકલા બજારમાં બેસાડવાની ધમકી આપી

સુરતઃ શહેરના વરીયાવી બજાર વિસ્તારમાં રહેતી અને રમતગમત ક્ષેત્રે નેશનલ લેવલે નામના મેળવનાર ૧૪ વર્ષીય સગીરાની તેના જ પિતરાઈ ભાઈ અને જિમ ટ્રેનરે છેડતી કરી હોવાની ચોંકાવનારી ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. વિશ્વાસઘાત અને નરાધમપણાની હદ વટાવતા આરોપીએ સગીરા સામે નગ્ન થઈ બીભત્સ માંગણી કરી હતી અને બાદમાં પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, વરિયાવી બજારમાં રહેતી મહિલાની ૧૪ વર્ષીય પુત્રી અભ્યાસ સાથે કરાટે અને પાવર લિફ્ટિંગમાં નેશનલ ચેમ્પિયન છે. સગીરાને રમતગમતમાં આગળ વધારવા માટે તેના પિતા (જેઓ રિક્ષા ચલાવે છે) અડાજણ સ્થિત એક જાણીતા જિમમાં ટ્રેનિંગ માટે લઈ જતા હતા. આ જિમમાં તેમનો ભત્રીજો 'આર્યન' (નામ બદલ્યું છે) ટ્રેનર તરીકે કામ કરતો હોવાથી પરિવારને તેના પર સંપૂર્ણ ભરોસો હતો.ગઈ તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સગીરાના પિતા તેમની બીમાર માતાને હોસ્પિટલ લઈ જવાના હોવાથી, તેમણે આર્યનને ફોન કરી દીકરીને જિમ પછી ઘરે લઈ જવા જણાવ્યું હતું. આર્યન સગીરાને નાનપુરા સ્થિત તેના ઘરે લઈ ગયો હતો. ત્યાં તકનો લાભ ઉઠાવી આરોપી સગીરા સામે નગ્ન થઈ ગયો હતો અને મારું લિંગ પકડ મજા આવશે કહી અત્યંત બીભત્સ ચેનચાળા કરી શારીરિક અડપલાં કરવાનો પ્રયાસ કર્યો હતો. સગીરા ગભરાઈને ત્યાંથી ભાગી છૂટી હતી.ઘટનાથી ડરી ગયેલી સગીરાએ બીજા દિવસે તેની પિતરાઈ બહેનને સ્નેપચેટ પર મેસેજ કરી સમગ્ર હકીકત જણાવી હતી. જ્યારે પરિવારને જાણ થઈ અને તેઓ આરોપીના ઘરે ઠપકો આપવા ગયા, ત્યારે આરોપીએ પસ્તાવો કરવાને બદલે ઉલટાનું પરિવારને ગાળો આપી હતી. આરોપીએ ધમકી આપી હતી કે, તમારી દીકરીને ચકલા બજારમાં બેસાડી દઈશ અને તમને બંનેને જાનથી મારી નાખીશ.આરોપી દ્વારા સમાજમાં દીકરીના ચરિત્ર વિશે ખોટી અફવાઓ ફેલાવવાનું શરૂ કરાતા, અંતે માતાએ હિંમત દાખવી અઠવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સુરત પાલિકાની સુમન સ્કૂલનું ધો.10નું શાનદાર 92.60% પરિણામ

**નબળા** વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓને ટક્કર આપીને શાનદાર સફળતા મેળવી

**238** વિદ્યાર્થીએ A-1 ગ્રેડ મેળવીને ડંકો વગાડ્યો

સુરતઃ ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલી શૈક્ષણિક વર્ષ 2025-26ની ધો.10ની પરીક્ષામાં સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલોના ગરીબ અને મધ્યમ વર્ગના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓને ટક્કર આપીને શાનદાર સફળતા મેળવી છે.

સુરત પાલિકા દ્વારા પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ આ વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણથી વંચિત ન રહે એ હેતુથી શરૂ કરાયેલી હાલ 29 જેટલી સુમન હાઈસ્કૂલોમાં અદ્યતન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, જેના કારણે તેનું કુલ પરિણામ 92.60% આવ્યું છે, જે ગુજરાત બોર્ડના 83.86% અને સુરત જિલ્લાના 86.04% પરિણામ કરતાં પણ ઘણું વધારે છે.

પાલિકાની આ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી કુલ 238 વિદ્યાર્થીએ A-1 ગ્રેડ મેળવીને ડંકો વગાડ્યો છે. આ ભવ્ય સફળતામાં સુમન હાઈસ્કૂલ 13 (ડિંડોલી) અને સુમન હાઈસ્કૂલ 18 (પુણાગામ) એ 100% પરિણામ મેળવવાની અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે, જેના કારણે શાળાના સ્ટાફે તમામ વિદ્યાર્થીઓને ઉજવણી સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

સુરત પાલિકા દ્વારા વિદ્યાર્થીઓને કુલ 6 જુદા જુદા ભાષાકીય માધ્યમોમાં શિક્ષણ આપવામાં આવે છે, જેમાં ઉર્દૂ સિવાયનાં તમામ માધ્યમોનું પરિણામ 85%થી વધુ અને મોટા ભાગનાં માધ્યમોનું પરિણામ 90%થી વધુ જાહેર થયું છે. જુદાં જુદાં માધ્યમોના પરિણામની વિગતવાર વાત કરીએ તો, ગુજરાતી માધ્યમનું કુલ પરિણામ 91.82%, મરાઠી માધ્યમનું પરિણામ 93.71%, હિન્દી માધ્યમનું પરિણામ 99.22%, ઉડિયા માધ્યમનું પરિણામ 97.24%, અંગ્રેજી માધ્યમનું પરિણામ 87.26% અને ઉર્દૂ માધ્યમનું પરિણામ 74.83% રહ્યું છે. ગરીબ અને મધ્યમ વર્ગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતી સુમન હાઈસ્કૂલો તેના સતત શ્રેષ્ઠ પ્રદર્શન અને ઉચ્ચ પરિણામોના કારણે આ વર્ગના પરિવારો માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

# રેપ કેસમાં આપનાં કાળુ વઘાસિયાના આગોતરા નામંજૂર

**ફરિયાદીએ** લગ્નનું કહેતા તુષારવાળી કરવાની ધમકી આપી હતી

સુરતઃ લસકાણા પોલીસ સ્ટેશને નોંધાયેલી બળાત્કારની ફરિયાદમાં ધરપકડથી બચવા માટે આમ આદમી પાર્ટીના કાર્યકર્તા આરોપી કાળુ ચતુર વઘાસિયાએ સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરાં જામીન અરજી નામંજૂર થઈ હતી. લસકાણા શુભમ રો-હાઉસમાં રહેતાં આરોપી કાળુ વઘાસિયા સામે વિધવા મહિલાએ ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ- ૬૯,૩૫૧(૨),૩૫૨ મુજબ ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી કાળુભાઈ ચતુરભાઈ વઘાસીયાએ ફેસબુક આઇ.ડીમાં મેસેજ કરીને સંપર્ક કરી ફરિયાદી સાથે મિત્રતા કેળવી પોતાને તેની પત્નિ સાથે અણબનાવ હોય ફરિયાદીને હું તારી સાથે લગ્ન કરીશ તેમ જણાવ્યું હતું. લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીને તેમના ઘરે તેમજ હોટલોમાં લઈ જઈ અવારનવાર શરીર સબંધ બાંધ્યો હતો. ફરિયાદીએ લગ્ન કરવાનું કહેતા આરોપીએ ગાળો આપી ફરીયાદ કરશે તો હું તુષાર ઘેલાણીની જેમ મરી જઈશ અને તને તથા તારા દીકરાને જીવવું અઘરૂ પાડી દઈશ તેવી ધમકી આપી ગુનો કર્યો હતો. આ કેસમાં ધરપકડથી બચવા માટે આરોપીએ સેશન્સ કોર્ટમાં આગોતરાં જામીન અરજી રજૂ કરી હતી. સરકાર પક્ષે એપીપી સંતોષ ગોહિલે આ અરજીની સામે દલીલ કરી હતી. જયારે મુળ ફરિયાદ પક્ષે પણ સોગંદનામું રજૂ કરી અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટે આરોપીની આગોતરાં જામીન અરજી નામંજૂર કરી હતી.

## રાંદેરમાં ઉગ્ર સ્વભાવ રાખતી મહિલાએ ઝેર પીધું

સુરત : રાંદેરમાં ઉગ્ર સ્વભાવ રાખતી મહીલાએ ઝેર પીને આપઘાત કરી લીધો હતા. મૃતક અગાઉ પણ ત્રણેક વખત હાથ કાપી આપઘાતના પ્રયાસો કરી ચૂકી હતી. મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ રાંદેર રામનગર સ્થિત સુમનશાંતિ એપાર્ટમેન્ટમાં 28 વર્ષીય રોશની રૂપેશ સાલવી, પુત્ર સાથે રહેતી હતી. રોશનીએ પોતાના ઘરે દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન આજે તેનું મોત નિપજ્યું હતું. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું છે કે મૃતક ઉગ્ર સ્વભાવની હતી અને ગુસ્સામાં અગાઉ પણ બે-ત્રણ વખત હાથ કાપી આપઘાતના પ્રયાસો કરી ચૂકી હતી. પ્રાથમિક અનુમાન મુજબ પોતાના સ્વભાવને કારણે જ તેણીએ આ પગલું ભર્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## ડભોલીમાં છ મહિનાથી બેકાર બેસેલા આધેડે ઝેર પીધું

સુરતઃ ડભોલીમાં છ મહિનાથી બેકાર બેસેલા આધેડે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મુળ જુનાગઢના વતની કિશન રજલાલ લાઠીગરા (50 વર્ષ) હાલ ડભોલીગામ ખાતે આવેલ શ્યામદર્શન સોસાયટીમાં પરીવાર સાથે રહેતો હતો. 18 વર્ષથી બારડોલી રહ્યાં બાદ એકાદ વર્ષથી તેઓ સુરત ખાતે રહેવા માટે આવ્યા હતા. તેઓ બારડોલીમાં શેર માર્કેટની ઓફીસમાં નોકરી કરતા હતા. હાલમાં છએક મહીનાથી તે ઘરમાં બેકાર બેસી રહ્યાં હતા. યોગ્ય કામ નહીં મળતાં તનાવમાં આવીને તેમણે સોમવારે સાંજે ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ થતાં પરીવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઇ આવ્યા હતાં. જ્યાં ટૂંકી સારવાર બાદ કિશનનું મોત થયું હતું.

# રાંદેરમાં તબીબ યુવકને ચપ્પુ બતાવી ધમકી

**રૂપિયા** 2.17 લાખ ચૂકવી દીધા છતાં નરાધમ સરફરાઝે વધુ 7 લાખની માંગણી કરી સહી કરેલા કોરા ચેક પડાવી લીધા

સુરત : રાંદેર વિસ્તારમાં વ્યાજખોરો અને પઠાણી ઉઘરાણી કરનારા તત્વોનો ત્રાસ માઝા મૂકી રહ્યો છે. મેડિકલ ક્ષેત્રે પ્રેક્ટિસ કરી પોતાનું ગુજરાન ચલાવતા એક આશાસ્પદ યુવકને રસ્તામાં આંતરી, ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી પઠાણી ઉઘરાણી કરાતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. અગાઉ લીધેલી રકમ કરતાં વધુ નાણાં પડાવવા માટે આરોપીએ આતંક મચાવ્યો હોવાની ફરિયાદ રાંદેર પોલીસ મથકે નોંધાઈ છે.

રાંદેરના માલમ રાસદ કોમ્પ્લેક્ષમાં રહેતા તલ્હાખાન અશરફખાન પઠાણ મેડિકલ પ્રેક્ટિસ કરે છે. તેમણે અંગત જરૂરિયાત માટે રાંદેરના પાલીયાવાડમાં રહેતા આરોપી સરફરાઝ ઈકબાલ સૈયદ પાસેથી રૂપિયા ૨.૫૦ લાખ ઉછીના લીધા હતા. ફરિયાદી તલ્હાખાને પોતાની પ્રામાણિકતા દાખવી અત્યાર સુધીમાં રૂપિયા ૨.૧૭ લાખ પરત ચૂકવી દીધા હતા. જોકે, લાલચુ સરફરાઝની દાનત બગડી હતી અને તેણે બાકીની રકમ પર વ્યાજનું ગણિત માંડી પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. ફરિયાદ મુજબ, આરોપી સરફરાઝે ફરિયાદી પાસે વધારાના રૂપિયા ૭ લાખની માંગણી કરી સતત દબાણ કર્યું હતું. આટલેથી ન અટકતા, તેણે ફરિયાદી પાસેથી બળજબરીપૂર્વક સહી કરેલા અલગ-અલગ બેંકના ચેક પણ પડાવી લીધા હતા. ગત ૫ મે ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે જ્યારે તલ્હાખાન પોતાના ઘરે હતા, ત્યારે આરોપી સરફરાઝ માલમ રાસદ કોમ્પ્લેક્ષના ગેટ પાસે ધસી આવ્યો હતો. તેણે જાહેરમાં ગાળાગાળી કરી ચપ્પુ બતાવી તલ્હાખાનને ધમકાવ્યા હતા કે, જો રૂપિયા નહીં આપે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

# બીમાર કાકાની સેવા કરવા આવતા સાવકા ભત્રીજાનો કાકી પર બળાત્કાર

**નાહતી** વેળા બાથરૂમનો દરવાજો અર્ધખુલ્લો જોઈ ભત્રીજાએ દાનત બગાડી

**પુત્રને** મારી નાંખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું

**બાદ** કાકીના છૂટાછેડા થતાં ઘરે લઈ ગયો, ત્યાં પણ ધમકી આપી કુકર્મ કર્યું

સુરતઃ સુરત શહેરમાં માનવીય સંબંધોને કલંકિત કરતી વધુ એક શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે. ડિંડોલી વિસ્તારમાં મદદના બહાને ઘરમાં પેસેલા એક નરાધમ સાવકા ભત્રીજાએ પોતાની જ કાકીની આબરુ લૂંટી હોવાની ગંભીર ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતાં ચકચાર મચી ગઈ છે. છૂટાછેડા બાદ પણ પીડિતાને પોતાની હવસનો શિકાર બનાવનાર આરોપી વિરુદ્ધ ડિંડોલી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સિંગણપોર રોડ પર આવેલી જે.કે. પી. નગર સોસાયટીના કબીર આશીષ એપાર્ટમેન્ટમાં રહેતો કેતન ધર્મેન્દ્ર પ્રજાપતિ નામનો શખ્સ ડિંડોલી વિસ્તારમાં રહેતા તેના જ પરિવારના એક સંબંધીના ઘરે મદદ કરવાના બહાને અવરજવર કરતો હતો. પીડિત મહિલાના પતિ લાંબા સમયથી બીમારીથી પીડાતા હોવાથી કેતન ઘરની દેખરેખ અને મદદના બહાને વિશ્વાસ જીતી રહ્યો હતો. જો કે, આ સેવા પાછળ તેનો બદઈરાદો કંઈક અલગ જ હતો. ઘટનાની વિગતો એવી છે કે, માર્ચ-૨૦૨૫ના એક સાંજે જ્યારે મહિલાના પતિ કામ પર ગયા હતા, ત્યારે મહિલા બાથરૂમમાં સ્નાન કરી રહી હતી. તે સમયે બાથરૂમનો દરવાજો અર્ધખુલ્લો જોઈ નરાધમ કેતન અંદર ઘૂસી ગયો હતો અને અશ્લીલ ચેનચાળા કરી મહિલાની છેડતી કરી હતી. મહિલાએ વિરોધ કરતાં અને પતિને જાણ કરવાની વાત કરતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. તું મને ખૂબ ગમે છે તેમ કહી આરોપીએ મહિલા સાથે બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં, જો આ વાત કોઈને કહેશે તો તેના પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. નરાધમની પજવણીને કારણે અંતે મહિલાના સંસારમાં પણ ભંગાણ પડ્યું હતું અને પતિએ તેને છૂટાછેડા આપી દીધા હતા. નિરાધાર બનેલી મહિલાને આરોપી લલચાવી ફોસલાવી પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં પણ રક્ષકને બદલે ભક્ષક બનેલા કેતને મહિલાની મરજી વિરુદ્ધ અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. સતત મળતી ધમકીઓ અને સામાજિક આબરૂના ડરથી પીડિતા અત્યાર સુધી મૌન રહી હતી. આખરે હિંમત ભેગી કરી મહિલાએ ડિંડોલી પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ૫ મે-૨૦૨૬ના રોજ પીડિતાની ફરિયાદના આધારે આરોપી કેતન પ્રજાપતિ વિરુદ્ધ બળાત્કાર અને જાનથી મારી નાંખવાની ધમકીની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ કેસની તપાસ પીઆઈ જે.એમ. ખાંટ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પ્રાચીન સુરત ગ્રુપ દ્વારા સલાબતપુરાના પ્રાચીન રાધાકૃષ્ણ મંદિરની મુલાકાત લેવાઈ



સુરતઃ સુરતના ઐતિહાસિક વારસાને અનેકવિધ રીતે ઉજાગર કરવાનાં હેતુથી બનેલાં 'પ્રાચીન સુરત' ગૃપ દ્વારા રવિવાર તા. 03.05.2026ના રોજ સલાબતપુરા ખાતે 18મી સદીમાં થઈ ગયેલા સંત શ્રી નિર્મળદાસજી દ્વારા સ્થાપના થયેલા પ્રાચીન રાધાકૃષ્ણ મંદિરની મુલાકાત લઈને તેનો ઈતિહાસ જાણવામાં આવ્યો હતો. આ મંદિરમાં ભગવાન શ્રી કૃષ્ણની કાળીનાગ દમનની અતિ દુર્લભ પ્રતિમા છે અને મંદિરના મહંતના કહેવા મુજબ તે માત્ર આ એક જ મંદિરમાં છે. ત્યારબાદ જન સંવા સંઘ મુકામે મળેલી સભામાં ભવિષ્યમાં સુરતના ભાતિગળ ઐતિહાસિક વારસાને સાચવવા અને જુદા જુદા માધ્યમો દ્વારા પ્રચાર પ્રસાર કરવા માટે ભવિષ્યના આયોજનો નક્કી કરવામાં આવ્યા હતા, જેના પ્રકલ્પો ટુંક સમયમાં રજુ કરવામાં આવશે.

### અખિલ હિંદ મહિલા પરિષદની સ્મિતા પારેખ સાહિત્ય લેખન સ્પર્ધા

સુરતઃ અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે સ્મિતા પારેખ સાહિત્ય લેખન સ્પર્ધા ૨૦૨૬માં વાર્તા, કવિતા અને બાળવાર્તા મોકલવાનું આમંત્રણ છે. દરેક પ્રકારમાં શ્રેષ્ઠ કૃતિને રૂા. ૫૦૦૦નો રોકડ પુરસ્કાર તેમજ મોમેન્ટો આપવામાં આવશે. ગુજરાતીમાં લખતાં દરેક સર્જક માટે આ સ્પર્ધા ખુલ્લી છે. વાર્તા, કવિતા, બાળવાર્તા કૃતિને શીર્ષક આપવું જરૂરી છે. કૃતિ ઉપર લેખકે પોતાનું નામ લખવું નહિ. નામ લખનારની કૃતિ અમાન્ય ગણાશે. નામ, સરનામું, ટેલિફોન નંબર વિગેરે અલાયદા કાગળ ઉપર લખવું. સ્પર્ધકે કૃતિની બે નકલ મોકલવી ફરજીયાત છે. ટાઈપ કરીને અથવા ફુલસ્કેપ પેપર ઉપર સુવાચ્ય અક્ષરે લખીને પોતાની કૃતિ મોકલવી. કૃતિ મોકલવાની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ છે. કૃતિ અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા, શાલીભદ્ર કોમ્પલેક્ષ, કાદરશાની નાળ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરતનાસરનામે મોકલવાની રહેશે.

### સંકટો અને સમસ્યાઓને દૂર કરવી હોય તો પ્રભુનું શરણું જ તરણોપાય છેઃ પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મલાડ (વેસ્ટ) લીબર્ટી ગાર્ડન જૈન સંઘના વાસુપૂજ્ય જિનાલયની 30મી સાલગીરી નિમિત્તે કપડવંજ નિવાસી મતિ સુશીલાબેન જશવંતલાલ શાહે ત્રિદિવસીય ભક્તિ મહોત્સવનો લાભ લીધો છે. આ જ પરિવાર દ્વારા ધ્વજારોહણ કરવામાં આવશે. પરિવાર અને સંઘની અતિ આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરીને યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજનાં શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ, પંન્યાસપ્રવર આર્યરક્ષિતવિજયજી મ., મુનિ જ્ઞાનહંસવિજયજી, પૂ. મુનિ પ્રીતદર્શનવિજયજી મ., મુનિ દિવ્યચરણ વિ. આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થતાં બેન્ડ સાથે ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. આચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણીનું આચમન કરાવવા દ્વારા જણાવ્યું હતું કે, દુષમકાળમાં જિનબિંબ અને જિનાગમો તરવા માટે શ્રેષ્ઠ આધાર છે. પ્રભુભક્તિ દ્વારા ભીતરમાં શક્તિનું પ્રોડકશન થાય છે. તમારા જીવનની સમસ્યાગ્રસ્ત ગમે તેટલી ફાઈલો લઈને દુનિયામાં ફર્યા કરશો તો ઉકેલ નહીં આવે. સંકટો અને સમસ્યાઓને દૂર ફગાવવી હોય તો પ્રભુનું શરણું જ તરણોપાય છે.

### સુરતની કે. એસ. જોષી સ્કૂલની ખનાસા શેઠના 98.68 પર્સન્ટાઈલ



સુરતઃ તાજેતરમાં જાહેર થયેલા ગુજરાત બોર્ડના ધોરણ 10 (SSC) ના પરિણામમાં સુરતની કે. એસ. જોષી શાળાની વિદ્યાર્થિની ખનાસા મોહસીન અલીમોહમ્મદ શેઠે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ખનાસાએ બોર્ડની પરીક્ષામાં A1 ગ્રેડ અને 98.68% પર્સેન્ટાઇલ મેળવ્યા છે. દીકરી ખનાસાની આ શાનદાર સિદ્ધિ બદલ તેના પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે.

### દહેજ અને ત્રાસના કેસમાં પતિ અને સાસુનો નિર્દોષ છુટકારો

સુરતઃ પટેલ જ્ઞાતિના પતિ પત્નીના લગ્ન સને 2000ના અરસામાં થયા હતા અને પત્ની નવસારી ખાતે સાસરે ગઈ હતી. પરંતુ બાદમાં પત્નીને દહેજ તેમજ ગર્ભપાત કરાવવા માટે દબાણ થતાં, બે વખત ગર્ભપાત કરાવ્યા બાદ પુત્રનો જન્મ થયો હતો. તે સમયે પતિ દ્વારા અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધ બાંધવામાં આવતાં પત્નીને ત્રાસ આપીને ઘરમાંથી કાઢી મુકવામાં આવી હતી. જેથી આ અંગે પત્ની દ્વારા કરવામાં આવેલા કેસમાં આરોપી પતિ અને સાસુની તરફેણમાં એડવોકેટ વિરલ મહેતા દ્વારા દલીલો કરવામાં આવી હતી. જેમાં કોર્ટે બંનેને નિર્દોષ છોડ્યા હતા અને ચુકાદામાં નોંધ્યું હતું કે, પત્નીનું વર્તન તેના આરોપો સાથે સુસંગત નહોતું. ઉપરાંત ફરિયાદ નોંધવામાં 18 વર્ષનો વિલંબ કરાયો હતો. અનૈતિક સંબંધ નહોતો પરંતુ પતિનો બહેન સમાન યુવતી સાથે પવિત્ર સંબંધ હતો.

### ભગવાન મહાવીર યુનિવર્સિટી અને 'કોડિંગ પ્રો' વચ્ચે ઐતિહાસિક જોડાણ



સુરતઃ સુરતની ભગવાન મહાવીર યુનિવર્સિટીએ "કોડિંગ પ્રો" સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરીને ૨૦૨૬-૨૭થી કેમ્પસમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત શિક્ષણ પ્રણાલી અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. આ પહેલ હેઠળ એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, કાયદા અને અન્ય ક્ષેત્રોમાં આધુનિક અભ્યાસક્રમો શરૂ થશે, જેમાં પ્રાયોગિક તાલીમ અને રિયલ-વર્લ્ડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થશે. યુનિવર્સિટીના કુલપતિ ડો.રામાકુમારે આ પહેલને ઐતિહાસિક ગણાવી, જ્યારે રિડ્યુસ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સ્થાપક સુમિત ભટ્ટે વિદ્યાર્થીઓને ભવિષ્યની ટેક્નોલોજી માટે તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. "કોડિંગ પ્રો"ના સીઈઓ શિવકુમાર મૌર્યા અને રજિસ્ટ્રાર ડો.વિજય માતાવાલાએ આ ભાગીદારીને રાજ્યમાં ટેક્નોલોજી આધારિત શિક્ષણ માટે મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.